# ગુજરાતી / GUJARATI

## પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

સમય મર્યાદા : ત્રણ કલાક
*Time Allowed :* ***Three*** *Hours*

મહત્તમ ગુણ : **250**
*Maximum Marks :* ***250***

## પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

*અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.*

*ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.*

*ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.*

*જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.*

## Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are* ***EIGHT*** *questions divided in* ***TWO SECTIONS****.*

*Candidate has to attempt* ***FIVE*** *questions in all.*

*Question nos.* ***1*** *and* ***5*** *are compulsory and out of the remaining, any* ***THREE*** *are to be attempted choosing at least* ***ONE*** *question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in* ***GUJARATI (Gujarati script)****.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) :** *10×5=50*

(a) અભિનવો આનંદ આજ,
અગોચર ગોચર હવું એ ;
જે પરપંચ પાર મહારાજ,
તે પૂરણ બ્રહ્મ હું સ્તવું એ. *10*

(b) દોહયલાં હર્યાં ને સોહયલાં કર્યાં, ભાવ માટે ભૂધરે;
એક મૂઠી તાંદુલે જે વિભૂતિ, તે લક્ષ યસે નવ જડે. *10*

(c) જેવાં સકલ ગુર્જર પ્રજાનાં આપ માતા છો
તેવાં મારાં પણ માતા છો. *10*

(d) નહીં હૃદયની ભણી હૃદય એક હાવાં વળે;
નહીં નયનને ફરી નયન તે પ્રિયાનાં મળે. *10*

(e) એક મહિનો તમે શું કહો એક પલક ન જાયે
દેહમાં જીવ રહે નહિ બીજોગ તહમારો થાયે. *10*

**Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક દષ્ટિએ ચર્ચા કરો :**

(a) 'અખેગીતા' માં અદ્વૈતાનુભૂતિનું આલેખન *20*

(b) 'સુદામાચરિત' માં સખ્યભક્તિનો મહિમા કઈ રીતે થયો છે તે સમજાવો *15*

(c) 'સરસ્વતીચંદ્ર ભાગ-૧' માં રાજનીતિ અને પ્રણયકથાનું સંયોજન *15*

**Q3. સદષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો :**

(a) 'રાઈનો પર્વત' માં હાસ્યરસનું નિરૂપણ *20*

(b) 'ચંદ્ર-ચંદ્રાવતી વારતા' માં શૃંગારનિરૂપણ *15*

(c) 'વસંત-વિજય' ખંડકાવ્યમાં પ્રકૃતિ એક પાત્ર તરીકે *15*

**Q4.** **નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો :**

(a) 'ફાર્બસવિરહ' માં મિત્રવિયોગની વેદનાનું આલેખન *20*

(b) 'વસંતવિલાસ' નો પ્રધાન રસ કયો છે તે દૃષ્ટાંત આપી સમજાવો *15*

(c) 'મારી હકીકત' માં તત્કાલીન સામાજિક-સાંસ્કૃતિક-સાહિત્યિક પરિસ્થિતિનું દર્શન *15*

## SECTION B

**Q5.** **નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો (150 શબ્દોમાં) :** *10×5=50*

(a) શબ્દો જો બોલી શકતા હોત તો કવિને
જરૂર કહેત કે કવિતા બનવાનું અમારું તે શું ગજું ? *10*

(b) 'રાક્ષસી ! ચાંડાલિની ! લે મારો જીવ, પણ મારો છોકરો બચાવ. મારુ કુળ સંહારવા બેઠી છે.' *10*

(c) સરલ મનનાં ચાંચલ્યોનાં હવે નહિ ક્રીડન :
અવ હૃદયના શૂન્યે લાધ્યું પ્રશાન્ત નિમજ્જન. *10*

(d) 'બાપ ! તમે મારાં સોનાનાં ઝાડવાં છો.
માફ કરો અને પાછા વળો.' *10*

(e) 'સ્વદેશાભિમાન એટલે હું દેશનું હિત સમજું છું.' *10*

**Q6.** **સદષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો :**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર ભાગ-૧' માં પ્રેમ-શૌર્યનું આલેખન *20*

(b) 'પારણની પ્રભુતા' માં આલેખાયેલું તથ્યો અને કલ્પનાનું વિશિષ્ટ સંયોજન *15*

(c) 'હિંદ સ્વરાજ' માં સત્યાગ્રહ-આત્મબળ અને સ્વરાજવિષયક ગાંધીજીના મૌલિક વિચારો *15*

**Q7.** **નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો :**

(a) 'કાવ્યની શક્તિ' માં વ્યક્ત થયેલી રામનારાયણ પાઠકની કાવ્યવિભાવના *20*

(b) 'જનાન્તિકે' માંથી પ્રકટ થતી સર્જકવ્યક્તિત્વની વિવિધ મુદ્રાઓ *15*

(c) 'ધ્વનિ' નાં કાવ્યોમાં સંવેદના અને અધ્યાત્મનું અદ્‌ભુત સંયોજન *15*

**Q8.** **સમીક્ષાત્મક નોંધ લખો :**

(a) 'માનવીની ભવાઈ' માં ધબકતું જનપદ *20*

(b) 'સપ્તપદી' માં એકકેન્દ્ર વ્યક્તિત્વ અને સર્જનાત્મક અભિવ્યક્તિ માટેની શોધ *15*

(c) અિતાંશુ યશશ્ચંદ્રના નાટક "અશ્વત્થામા" ની વિશેષતા-મર્યાદા ચર્ચો *15*